# ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેનની સમય સુચકતાના લીધે ત્રણ ઠેકાણે માર્ગો તુટશે નહી.....

**સે-૧૭, સે-૨૧ અને સે-૨૨ માં આંતરિક માર્ગોનુ નવિનીકરણ કરાયુ છે ત્યારે આ રૂટમાં ગટર લાઇન માટે નવી ડિઝાઇન તૈયાર કરાશે : સ્થળ મુલાકાત લઇ માર્ગોને નુકશાન ન થાય તે માટે સુચના આપી**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરમાં હાલ સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે શહેરના સેકટરોમાં અનેક ઠેકાણે માર્ગોમાં પણ ભંગાણ થયુ છે. આમ નાગરિકોએ પણ આ મામલે અનેકવાર રજુઆત કરી છે. ત્યારે સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે નવનિર્મિત થયેલા માર્ગોને તુટતા બચાવવા માટે અધિકારીઓને મહત્વની સુચના આપી છે. જેના લીધે સે-૧૭, સે-૨૧ અને સે-૨૨ માં માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં નહીં આવે. આ માટે ધારાસભ્યએ આજે રૂબરૂ મુલાકાત લઇ ગટરની લાઇનને રીડીઝાઈન કરવા માટે પણ જણાંવ્યુ હતુ.

શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી અન્વયે સેકટરોમાં અનેક ઠેકાણે માર્ગો પર ગાબડા પડયા છે. જયારે ઘણાં સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગ તેમજ એપ્રોચના વાઇડનીંગનુ કામ બાકી છે પરંતુ જયાં પણ આ કામગીરી થઇ ગઇ છે. તેવા વિસ્તારમાં નવી લાઇન નાંખતી વેળાએ રસ્તાઓને નુકશાન ન થાય તેમજ આમ નાગરિકોને પરેશાની ન વેઠવી પડે તે માટે ધારાસભ્ય રીટાબેન પટેલે વિશેષ તકેદારીના પગલા લેવા અધિકારીઓને સુચના આપી છે. શહેરના સે-૧૭, સે-૨૧ અને સે-૨૨ માં ગત વર્ષે દરમિયાન જ માર્ગોનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે આંતરિક માર્ગોની કામગીરીના અંતે હાલ સ્માર્ટસીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી પણ ચાલી રહી છે. જયારે આ કામગીરી દરમિયાન આ ત્રણેય સેકટરોમાં માર્ગોમાં ગાબડા અસ્તિત્વમાં આવે તેવી સ્થિતિ સર્જાઇ હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે ગટર લાઈનનુ કામ કરતી એજન્સી તેમજ વિભાગના અધિકારીઓને સાથે રાખીને ગટર લાઇનની કામગીરી સંદર્ભે રૂટનુ નિરિક્ષણ કર્યુ હતુ. જયારે તમામ રૂટ પર રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન તેમણે અધિકારીઓને માર્ગોને નુકશાન ન થાય તે મુજબ પાઈપલાઈનનુ કામ કરવા માટે પણ સુચના આપી હતી. જેના અંતે હવે નવી ડિઝાઇન તૈયાર કરી તે મુજબ લાઇનનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવા જણાંવ્યુ છે. જેના લીધે આ વિસ્તારમાં રસ્તાઓને નુકશાન થશે નહી અલબત્ત જે ઠેકાણે લાઇનમાં ક્રોસીંગ હશે તેવી જગ્યાએ જ તેટલા ભાગમાં જ રોડ તોડવાની અનિવાર્યતા ઉભી થશે.





શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો સંકુલમાં સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. એકબાજુ મુસાફરલક્ષી સુવિધા અને સલામતીના નામે ડેપો સંકુલમાં મીંડુ ચિતરાયેલુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ત્યારે ગાંધીનગર ડેપોના મેનેજર દ્વારા વરસાદી દિવસોમાં ડેપો સંકુલમાં ગંદકી ઉલેચવા માટે સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી ડેપોમાં ગમે ત્યાં પાનની પિચકારી મારતા મુસાફરો કે મુલાકાતીઓ પાસેથી દંડ વસુલી કરવાની કામગીરી પણ કરવામાં આવે છે. બસ સ્ટેન્ડ અને ટોઇલેટ બ્લોકની સફાઇ કરવામાં આવી હતી. જયારે સફાઇ ઝુંબેશની સાથે ડેપોમાં ગંદી થયેલી દિવાલોને પણ કલર કરવામાં આવ્યો હતો. જયારે ડેપો સંકુલમાં સુંદર ફુલછોડની સજાવટ પણ કરવામાં આવી હતી. જેના અંતે મુસાફરોમાં પણ આનંદની લાગણી વ્યાપી હતી.

# મુખ્યમંત્રીનો ૨૪મીએ સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ**

ગાંધીનગર, તા.૨૨

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

આ ઉપક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઓગષ્ટ-૨૦૨૩નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ ગુરુવાર તા. ૨૪મી ઓગષ્ટે યોજાવાનો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૪મી ઓગષ્ટે બપોરે ૩-૩૦ વાગ્યે આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

સામાન્ય નાગરિકો, અરજદારો રાજ્ય સ્વાગત કાર્યક્રમ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રજાના કામોનો સત્વરે નિકાલ આવે તે માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

**અધિકારીઓએ પદાધિકારીઓના ફોન સેવ કરીને ઉપાડવા પડશે અને જો ન ઉપાડી શકે તો સામે ફોન કરવા પડશે - રાજ્ય સરકારનો આદેશ**

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજ્યના સાંસદસભ્યો, વિધાનસભ્યો તથા પ્રજાના ચૂંટાયેલા અન્ય પદાધિકારીઓ જેવા કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખો, મેયર, નગરપતિ વગેરે પદાધિકારીઓ જ્યારે પ્રજાના કામ માટે જિલ્લા કે રાજ્યના અધિકારીઓને ફોન કરે ત્યારે આ ફોન જે તે અધિકારીએ ઉપાડવાના રહેશે તેવો પરિપત્ર ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આજરોજ કરવામાં આવ્યો છે. આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે સાંસદ તથા વિધાનસભાના સભ્ય કે પ્રજાના ચૂંટાયેલા અન્ય પદાધિકારીઓ જ્યારે સરકારી અધિકારીને ફોન કરે ત્યારે તેમણે એ ફોન ઉપાડવાના રહેશે. અધિકારીઓએ પદાધિકારીઓના ફોન નંબર પોતાના મોબાઈલ ફોનમાં સેવ કરવાના રહેશે અને પદાધિકારી ફોન કરે ત્યારે સંજોગોવસાત ન ઉપાડી શકાય એવી સ્થિતિ હોય તો સરકારી કામગીરી કે મીટીંગ પૂર્ણ થયે જે તે પદાધિકારીને ફોન ન ઉપાડનાર અધિકારીએ સામે ફોન કરવાનો રહેશે. આજરોજ કરાયેલ પરિપત્રમાં એવુ પણ સૂચવાયુ

● અનુસંધાન પાન-૭ પર

# વિક્રમના લેન્ડિંગ સાથે જ આજે ભારત માટે ઐતિહાસિક ક્ષણ સર્જાશે..!!

**જો આજે સાનુકૂળ પરિસ્થિતિ નહીં હોય તો તા. ૨૭મીએ લેન્ડિંગ કરવામાં આવશે**

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર ભારત માટે તા.૨૩મી ઓગસ્ટ, બુધવારનો દિવસ એક ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે. ઈસરો દ્વારા તા.૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું અને ચંદ્રયાન-૩નું વિક્રમ લેન્ડર હવે આ દિવસે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડ થવા જઈ રહ્યું છે અને તે સફળતાપૂર્વક પર પડે તે માટે ઈસરો એ તમામ તૈયારીઓ કરી લીધી છે. વિક્રમ લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડિંગ કરશે જ્યાં આજ સુધી કોઈ લેન્ડિંગ કરી શક્યું નથી. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનાવા સમગ્ર દેશમાં આતુરતા વ્યાપેલી જોવા મળી રહી છે.

ચંદ્ર પર ૧૪ દિવસની લાંબી રાત હોય છે જે બુધવારે સાંજે ૬.૦૪ કલાકે પુરી થઈ રહી છે અને ચંદ્ર પર સૂર્યોદય પછી વિક્રમ લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડિંગ કરશે. જોકે ઈસરો દ્વારા તમામ ગતિવિધિ પર નજર રાખવામાં આવશે અને જો લેન્ડિંગ માટે પરિસ્થિતિ સાનુકૂળ નહીં હોય તો લેન્ડિંગ ૨૭મીએ કરવામાં આવશે. ચન્દ્રયાન-૩ ચન્દ્રની સપાટી પર ઉતરવાનું હશે તેના આશરે બે કલાક પહેલાં ઈસરો દ્વારા પરિસ્થિતિની ચકાસણી બાદ આખરી નિર્ણય કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર અવકાશયાન બે કલાક સુધી ચંદ્રની ભ્રમણકક્ષામાં હશે ત્યારે એટલે કે ૨૩, ઓગસ્ટે સાંજે ૬.૦૪ કલાકે ચંદ્ર પર સૂર્યોદય થયાં પછી જો કોઈ અવરોધ કે વિપરીત પરિસ્થિતિ નહીં હોય તો વિક્રમ લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પરના નિશ્ચિત કરાયેલા સ્થળે ઉતરશે. જોકે સમગ્ર દેશ ચંદ્રયાનના વિક્રમ લેન્ડરનો બુધવારે સફળતાપૂર્વક લેન્ડીંગ થાય તે માટે પ્રાર્થના કરી રહ્યો છે.

# જૂના સચિવાલયમાં સાત માળના બે નવા બ્લોક બંધાશે

**નવા બ્લોકમાં લિફ્ટ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરાશે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણઃ આગામી બે મહિનામાં કામ શરૂ કરાશે**

જુના સચિવાલયના ૪૫. વર્ષ જુના બ્લોકને દુર કરાશે અલબત્ત પહેલા નવા બ્લોક બાંધવામાં આવશે ત્યારબાદ જગ્યા ખુલ્લી કરાશે જુના સચિવાલયના રી-ડેવલપમેન્ટનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં હાલના ૧૯ બ્લોકને માત્ર આઠ બ્લોકમાં સમાવિષ્ટ થશે. જેના લીધે પાર્કિંગ વ્યવસ્થા પણ અપગ્રેડ થશે હાલ જૂના સચિવાલય માં નવા બે બ્લોક બાંધવા માટે આયોજન કરવામાં આવ્યું છે આ અન્વયે ૯૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે સાત માળના નવા બ્લોક બનવાની આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે આગામી બે મહિનામાં કામ શરૂ કરી દેવાશે

જૂના સચિવાલય ના બ્લોક હવે કંગાળ બનતા જાય છે હાલના સમય મુજબની સુવિધાનો પણ અભાવ છે ત્યારે આખા કેમ્પસનો નવો લે આઉટ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. જ્યારે હવે કોર્પોરેટ બનતી સરકારી કચેરીઓને ધ્યાન રાખી એ મુજબની સુવિધાઓ પણ નવા બ્લોકમાં ઊભી કરાશે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સમગ્ર યોજના પાછળ રૂપિયા ૪૦૦ કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો છે હાલ બે નવા બ્લોક બનાવાશે જેની પાછળ અંદાજિત રું ૯૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે જુના સચિવાલયમાં હાલના બ્લોક ૩ માળના છે જો કે સાડા ચાર દાયકા અગાઉ પણ આગામી ત્રણ દાયકા ને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવ્યું હતું હવે સાત માળના બ્લોક બાંધવાના હોવાથી દરેક નવા બ્લોકમાં જુના ત્રણ બ્લોક જેટલી કચેરીઓનો સમાવેશ થશે હરિયાળી વિકસાવવા ઉપરાંત પાર્કિંગ માટે પણ પૂરતી જગ્યા ઉપલબ્ધ થશે . અહીં રેઈન વોટર હાર્વેસ્ટિંગ, સોલર સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવશે . હાલમાં રાજ્યનો વહીવટ ૧૯૮૫ના વર્ષ દરમિયાન તૈયાર થયેલા નવા સચિવાલયમાંથી થાય છે. ૧૯૭૧માં રાજ્યના ૭માં પાટનગર તરીકે ગાંધીનગરની જાહેરાત કરવામાં આવી હતી જૂના સચિવાલયના બ્લોક ૧૯૭૬ માં તૈયાર કરવામાં આવ્યા હતા જ્યારે અગાઉ રાજ્યનો વહીવટી કાર્યભાર પણ અહીંથી જ ધમધમતો હતો જ્યારે નવા બ્લોક બાંધવા આગામી બે મહિનામાં કામ હાથ ધરાશે.

# રાજ્યની ગૌશાળા-પાંજરાપોળો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારની મહત્વપૂર્ણ જાહેરાત

**ગૌશાળા-પાંજરાપોળોના સ્વાવલંબન માટે રૂ. ૨.૫૧ કરોડની સહાયના ચેક અર્પણનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયો**

ગાંધીનગર તા ૨૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ગૌશાળા-પાંજરાપોળોના વિશાળ હિતમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં સહાયના ધોરણોમાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે.

રાજ્યમાં જે ગૌશાળા-પાંજરાપોળ એક જ રજિસ્ટ્રેશન ધરાવતી હોય, પરંતુ એક કરતાં વધુ સ્થળે પશુ નિભાવ શેલ્ટર હોમ હોય તેવી સંસ્થાઓને શાખા દીઠ વધુમાં વધુ ૩ હજાર પશુની મર્યાદામાં પશુ દીઠ રોજના રૂ.૩૦ પ્રમાણે સહાય અપાશે.

આ ઉપરાંત સહાય મેળવવાની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બનાવવા પણ અગત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજનાનો લાભ મેળવવા માંગતી સંસ્થાઓએ હવે આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આવી સહાયની રકમ જે તે સંસ્થાને ડ્ઢ્મ્થી સીધી જ તેના બેંક



ખાતામાં જમા આપવામાં આવશે.

સમસ્ત મહાજન દ્વારા રાજ્યની ગૌશાળા પાંજરાપોળોને સ્વાવલંબન માટે રૂ. ૨.૫૧ કરોડની સહાયના ચેક અર્પણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમારોહમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, જીવદયાના કાર્યોથી લઈને છેવાડાના નાનામાં નાના માનવીના વિકાસ સુધીની વિવિધ યોજનાઓમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનભાગીદારી-પીપીપીના મોડલ દ્વારા વિકાસની રાજનીતિની ગતિ વધુ વેગવંતી બનાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દરેક યોજનામાં જન-જન કઈ રીતે જોડાય તેનો સફળ આયામ વડાપ્રધાનશ્રીએ આદર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ખેલાડી દીઠ વાર્ષિક રૂ.૧.૬૩ લાખ જેટલો ખર્ચ કરતી સરકાર

**એસએજીની વિવિધ યોજનાઓનો ખેલાડીઓ લાભ મેળવી રહ્યાં છે**



ગાંધીનગર, તા.૨૨

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલકુદને પ્રોત્સાહન આપવા વિવિધ યોજના અમલમાં મુકવામાં આવી છે, જે અંતર્ગત ગાંધીનગર જીલ્લામાં હાલમાંઇનસ્કુલ, ડી.એલ. એસ. એસ., સેન્ટર ઓફ એકસલન્સ જેવી યોજના અંતર્ગત ખેલાડીઓ લાભ મેળવી રહ્યા છે. ગાધીનગર જીલ્લામાં ઈનસ્કુલ યોજના અંતર્ગત ૬ શાળાઓકાર્યરત છે. જેમાં ૧૧ વિવિધ રમતના ટ્રેનરો દ્વારા ખેલાડીઓને ગ્રાંસરૂટ લેવલની ટ્રેનીગ આપવામાં આવી રહી છે.

જીલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત ગાધીનગર શહેરમાં શ્રી. જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય કાર્યરત છે. જેમાં હાલ ૧૭૮ ખેલાડીઓ એથ્લેટીક્સ, ફેન્સીંગ, જુડો, હેન્ડબોલ, કબડી જેવી રમતોમાં તાલીમ મેળવી રહ્યા છે. આ ખેલાડીઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૪ નેશનલ મેડલ તથા ૨૩ રાજ્ય કક્ષાએ મેડલ મેળવી જીલ્લા તથા રાજ્યનું નામ રોશન કર્યું હતું.જ્યારે ગાંધીનગર ગ્રામ્યમાં બ્લીસ ઈન્ટર નેશનલ સ્કુલને જીલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલની માન્યતા આપવામાં આવેલી છે, જેમાં હાલ ૧૩૬ ખેલાડીઓ વોલીબોલ, કુસ્તી, હેન્ડબોલ, કબડી રમતમાં તાલીમ મેળવી રહ્યા છે. આ ખેલાડીઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૫ નેશનલ મેડલ તથા ૧૧ રાજ્ય કક્ષાએમેડલ મેળવી જીલ્લા તથા રાજ્યનું નામ રોશન કર્યું હતું. આ ખેલાડીઓ પાછળ રાજ્ય સરકાર દ્વારા મફત શિક્ષણ, પૌષ્ટીક ભોજન, હોસ્ટેલ ફી, સ્ટેશનરી, સ્ટાઈપેંડ, કોચીગ પેટે ખેલાડી દીઠ વાર્ષિક રૂ.૧.૬૩ લાખ જેટલો ખર્ચ કરવામાં આવે છે. ટૂંક સમયમાં હેન્ડબોલ રમતની નિવાસી સેન્ટર ઓફ એકસલન્સ એકડમી પણગાંધીનગર જીલ્લામાં કાર્યરત થવા જઈ રહી છે.

હાર્દિક અભિનંદન



શ્રી કેતનભાઈ પટેલ

ગાંધીનગરનું પ્રથમ દૈનિક ગાંધીનગર સમાચારનું સંચાલન સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ... ગાંધીનગર સમાચારને આપ ઉંચાઈના શિખરો સર કરાવો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

શુભેચ્છક

આર. કે. શાહ, મંત્રી

સી. એમ. શાહ, પ્રમુખ

મુકેશભાઈ ડી. શાહ, ખજાનચી

વિનોદભાઈ એસ. શાહ, ઉપપ્રમુખ

હિતેષભાઈ પી. શાહ, ટ્રસ્ટી

હેમેન્દ્રભાઈ જે. શાહ, સલાહકાર

શૈલેષભાઈ એમ. શેઠ, ટ્રસ્ટી

ભરતભાઈ આર. મહેતા, ટ્રસ્ટી

દિપકભાઈ એન. શાહ, ટ્રસ્ટી

શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ગાંધીનગર ટ્રસ્ટી મંડળ

LED TV રીપેરીંગ

Sony, LG, SAMSUNG, Panasonic

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, મો. 98797 97884

# ખ-માર્ગ પર ટ્રાફિક- પાર્કીંગની અડચણો દુર કરવા મ્યુનિ કમિશ્નર અને પોલીસ અધિક્ષકે રાઉન્ડ લીધો

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગ પર ક્રોસ જંકશન નહીંવત છે. જયારે ખ માર્ગના પ્રવેશદ્વાર પાસે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક સંબંધિત અડચણો તેમજ પાર્કીંગની સમસ્યા પણ પેચીદી બની છે. આ સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવનાર છે ત્યારે આજે આ વિસ્તારમાં મ્યુનિ કમિશ્નર, પોલીસ અધિક્ષક તેમજ સીટી ઈજનેર સહીતના અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ જેના અંતે ટ્રાફિકની અડચણો દુર કરવા માટે હવે પ્લાન અને ડિઝાઈન તૈયાર કરી નવતર આયોજન કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

**મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગ પર આગામી વાઇબ્રન્ટ સમિટ દરમિયાન પણ વી વી આઇ પી મહાનુભાવોની અવરજવર રહે છે ત્યારે ટ્રાફિક અને પાર્કીંગની અડચણો દુર કરવા નવુ પ્લાનીંગ અને ડિઝાઇન તૈયાર થશે**

મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગ પર વી આઈ પી મહાનુભાવોની વિશેષ અવરજવર રહે છે. જયારે જી -૨૦ સમિટ તેમજ વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ આ રૂટમાં વી વી આઈ પી ની મુવમેન્ટ જોવા મળે છે. જયારે આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવશે ત્યારે ખ માર્ગ થી મહાત્મા મંદિર વચ્ચેના રૂટમાંથી ટ્રાફિક સંબંધિત અડચણો દુર કરવા માટે અત્યારથી જ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ખ માર્ગ પર ક્રોસ જંકશન નહીંવત છે પરંતુ એસ જી હાઈવે સાથે જોડાયેલા આ માર્ગના પ્રવેશદ્વારે પણ ટ્રાફિકની સમસ્યા જટીલ બની છે. આ વિસ્તારની આસપાસ પણ બાંધકામની અનેક યોજનાઓનુ કામ ચાલી રહ્યુ છે જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

## સરગાસણ ચોકડી પાસે મહાનગરપાલિકાના પ્લોટમાં પે પાર્કીંગની સુવિધા ઉભી કરવા વિચારણા

સરગાસણ ચોકડી પાસે ટ્રાફિકની સમસ્યા પેચીદી બનતી જાય છે. જયારે પાર્કીંગની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં કોર્નર પર સ્થિત કોર્મશિયલ બિલ્ડીંગ પાસે સ્થિત સર્વિસ રોડ પર પણ વાહનોનો ખડકલો થાય છે. જયારે આ વિસ્તારમાં વહેલી સવારથી મોડીરાત સુધી સતત ધમધમાટ જોવા મળે છે. સાંકડા સર્વિસ માર્ગ પર આડેધડ વાહનો ખડકી દેવાતા ટ્રાફિકની અવરજવરમાં પણ અવરોધ ઉભો થાય છે. જયારે નજીકના વિસ્તારમાં સ્થિત લારી ગલ્લાના લીધે વચાળે નાના અમથા ૪ મીટરના સર્વિસ રોડ વધુ સાંકડો થઈ જાય છે. ત્યારે આ માર્ગને ખુલ્લો કરવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. બીજીતરફ નજીકમાં સ્થિત કોર્પોરેશનના પ્લોટમાં પે પાર્કીંગની સુવિધા ઉભી કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com